WE SERVE TO SAVE

# Gujarat State Fire Prevention Services

## Regional Fire Office Ahmedabad

5th floor, Gujarat Housing Board, Pragatinagar, Ahmedabad-380081
EMAI ID :- (1) rfo-sfps-ahd@gujarat.gov.in, (2) rfo-sfps-ahd@yahoo.com
(Dist : Ahemdabad, Botda, Kheda & Surendranagar)

SFPS/RFO/AHD/FSCOP/595/2023-24 તા.09/01/2024

ખુબ જ અગત્યનું

પ્રતિ,

(૧) માન. ચીફ એક્ઝિક્યુટિવ ઓથોરીટી

(૧)અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી

(૨)સુરેન્દ્રનગર-વઢવાણ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી

(૨) નગર નિયોજકશ્રી,

(૧)અમદાવાદ,(૨)બોટાદ,(૩)સુરેન્દ્રનગર,(૪)ખેડા.

(૩) ચીફ ઓફિસરશ્રી,

નગરપાલિકા(તમામ)

અમદાવાદ ઝોન.

વિષય : Fire Safety Compliance Portal(FSCOP)નાં વપરાશ અને જાગૃતિ બાબત.

સંદર્ભ : (૧) ગુજરાત ફાયર પ્રિવેન્શન અને લાઈફ સેફટી મેઝર રેગ્યુલેશન-૨૦૨૩

(૨) ગુજરાત ફાયર પ્રિવેન્શન અને લાઈફ સેફટી મેઝર રૂલ્સ-૨૦૨૧

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના આગ નિવારણ અને જીવન સલામતીના પગલાંને અસરકારક અમલીકરણ કરવાનાં હેતુ અન્વયે સરકારશ્રી દ્વારા ગુજરાત ફાયર પ્રિવેન્શન અને લાઈફ સેફટી મેઝર રેગ્યુલેશન-૨૦૨૩ તા.૧૫/૧૨/૨૦૨૩થી અમલમાં આવેલ છે. જે અન્વયે સરકારશ્રી દ્વારા અસ્તિવમાં આવેલ સંદર્ભિત <u>રેગ્યુલેશન-૨૦૨૩નું અસરકાર અમલીકરણ થાય અને સંદર્ભિત રેગ્યુલેશન-૨૦૨૩ની કલમ(૫)અને તેને લગત પેટા કલમ(૫)(૫.૯)અનુસાર ફાયર સેફ્ટી પ્લાનની મંજુરી મેળવવાની પ્રક્રિયા, ફાયર સેફ્ટી સર્ટિફિકેટ ઇશ્યુ કરવા તેમજ તે અંગેના જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા અને નિયત કરેલ જરૂરી ફીની રકમ વગેરે વેબપોર્ટલ **https://gujfiresafetycop.in** પર ફરજીયાત કરવાની રહેશે.</u>

વધુમાં,આપશ્રીના તાબા હેઠળનાં કાર્યક્ષેત્રમાં સંદર્ભિત રૂલ્સ-૨૦૨૧ની ત્રીજી સૂચિમાં દર્શાવેલ ઇમારતો/એકમોને લગત માત્ર ફાયર સેફટી સર્ટીફીકેટ રીન્યુ કરવાની કામગીરી માન.નિયામકશ્રી.રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ,ગુજરાત દ્વારા નામાંકિત કરાયેલ ફાયર સેફ્ટી ઓફિસર(FSO) દ્વારા કરવાની રહેશે. માન.નિયામક દ્વારા નામાંકિત કરાયેલ ફાયર સેફ્ટી ઓફિસર(FSO)ની વિગત **https://gujfiresafetycop.in** વેબપોર્ટલ પર ઉપલબ્ધ છે.

WE SERVE TO SAVE
**Gujarat State Fire Prevention Services**
**Regional Fire Office Ahmedabad**
5th floor, Gujarat Housing Board, Pragatinagar, Ahmedabad-380081
EMAI ID :- (1) rfo-sfps-ahd@gujarat.gov.in, (2) rfo-sfps-ahd@yahoo.com
(Dist : Ahemdabad, Botda, Kheda & Surendranagar)

सत्यमेव जयते

G20 भारत 2023 INDIA
वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

વધુમાં, માન મુખ્યમંત્રીશ્રી,ગુજરાત સરકારશ્રી હસ્તક તા.૧૫/૧૨/૨૦૨૩નાં રોજ અનાવરણ થયેલ Fire Safety Compliance Portal(FSCOP) અને ગુજરાત ફાયર પ્રિવેન્શન અને લાઈફ સેફટી મેઝર રેગ્યુલેશન-૨૦૨૩નું બહોળા પ્રમાણમાં પ્રચાર-પ્રસાર અને સફળતાપૂર્વક અમલીકરણ થાય તે હેતુથી આપશ્રી દ્વારા સંબંધિતોને યોગ્ય માર્ગદર્શન અને જરૂરી જાણકારી આપવામાં આવે તેમ અત્રેથી આપશ્રીને વિનંતી સહ જણાવવામાં આવે છે.

०९/०१/२०२४.

રીજીયોનલ ફાયર ઓફિસર
ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસિસ
અમદાવાદ રીજીયન

નકલ સવિનય રવાના:-

- માન. નિયામકશ્રી,રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ,ગાંધીનગર તરફ જાણ સારૂં.
- માન. પ્રાદેશિક કમિશ્નરશ્રી,પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ-અમદાવાદ ઝોન તરફ જાણ સારૂં.